# આઈઆઈએફએલ ફાઈનાન્સ ભારતમાં ૧૧૪૪ શિબિરો સાથે યોગ અભિયાનમાં સામેલ થઈ



હાલમાં જ સંપન્ન થયેલા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' દરમિયાન દેશની સૌથી મોટી નૉન-બેંકિંગ ફાઈનાંસ કંપનીઓ પૈકી એક આઈઆઈએફએલ ફાઈનાંસે આઈઆઈએફએલ ફાઉંડેશનની સાથે 'તંદુરસ્ત શરીર અને સ્વસ્થ્ય મસ્તિષ્ક માટે યોગ'ની થીમ હેઠળ સમગ્ર દેશના ૭૦૦થી વધુ શહેરોમાં ૧૧૪૪ યોગ શિબિરોનું આયોજન કર્યું.

આ શિબિર તેના સીએસઆર અભિયાન 'આઈઆઈએફએલ મિલન' અંતર્ગત આયોજિત કરવામાં આવી અને તેમાં ૨૭,૮૨૦થી વધુ સહભાગીઓએ ભાગ લીધો, જેમાં વરિષ્ઠ નાગરિક અને શાળાના બાળકો સામેલ હતા. આ લોકોએ યોગથી સ્વાસ્થ્યને થનારા ફાયદાઓ વિશે નિષ્ણાતો પાસેથી જાણ્યું. આ પ્રસંગે શ્રી સુમિત બાલી, સીઈઓ, આઈઆઈએફએલ ફાઈનાંસે જણાવ્યું, ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ભારત સરકાર દ્વારા પ્રમોટેડ આપણી સંસ્કૃતિની બૌદ્ધિક સંપત્તિના સૌજન્યથી યૂનાઈટેડ નેશંસ દ્વારા માન્યતા આપવામાં આવી છે.